ગાંધીનગર સમાચાર

**સ્માર્ટ સીટી માટે આગામી સપ્તાહે દરખાસ્તને આખરી ઓપ અપાશે**

# સાહિત્યકાર-ગઝલકાર ચિનુ મોદીનું દુઃખદ નિધન



**પાંદડું પીળું થયું કોને ખબર**
**એટલે કે ઝાડમાંથી શું ગયું કોને ખબર**
**શહેર પર ખાંગી થઈને વરસી પડી આખી વસંત**
**એક જણ નખશિખ ઉજ્જડ રહી ગયું કોને ખબર**

ગાંધીનગર, તા.૧૯

'ઈર્શાદ' તખલ્લુસ અને પોતાના અનોખા સાહિત્ય સર્જનને કારણે ગુજરાતી સાહિત્યજગતમાં મસમોટી પ્રતિષ્ઠા ધરાવતા કવિ, નાટ્યકાર, નવલકથાકાર, વાર્તાકાર, ગઝલકાર, વિવેચક અને ૫૨ જેટલાં પુસ્તકોનાં સર્જક ચિનુ મોદીનું દુખદ નિધન થયું છે. સદગતનું દેહદાન આવતીકાલે કરાશે.

સદગત ચીનુ મોદીને મુખ્યમંત્રી વિજય રૂપાણી ભવ્ય અંજલિ આપતા કહ્યું છે કે, ગુજરાતી સાહિત્યમાં ચીનુભાઈની ખોટ લાંબા સમય સુધી પડશે. એમના નિધનથી સાહિત્ય જગતમાં સોપો પડી ગયો છે. ઉલ્લેખનીય છે કે તારક મહેતાના અવસાનનો આઘાત હજુ રૂઝાયો નથી ત્યાં હવે ચિનુ મોદીના નિધનના સમાચારથી ગુજરાતી સાહિત્ય જગત આઘાતમાં સરી પડ્યું છે. ઉત્તર ગુજરાતના વિજાપુરમાં જન્મેલા ચિનુ મોદીએ ગુજરાતી-ઈતિહાસ વિષયો સાથે બીએ અને એલએલબીનો અભ્યાસ કર્યો હતો અને ગૂજરાત વિદ્યાપીઠમાંથી વિદ્યા વાચસ્પતિ (પીએચડી)ની ઉપાધિ પણ પ્રાપ્ત કરી હતી. ૧૯૬૧થી ૧૯૬૪ સુધી એમણે કપડવંજ અને તલોદ અને ૧૯૬૫થી ૧૯૭૫ સુધી અમદાવાદની સ્વામીનારાયણ આર્ટ્સ કૉલેજમાં અધ્યાપન કાર્ય કર્યું હતું. તેમને ૧૯૮૨-૮૩માં ઉષનસ પુરસ્કાર, ૨૦૦૦માં કલાપી ઍવોર્ડ, ૨૦૧૦માં વલી ગુજરાતી ઍવોર્ડ, ૨૦૦૪માં ટ્રાન્સમીડિયા ઍવોર્ડ અને ૨૦૧૩માં સાહિત્ય અકાદમી દ્વારા ગઝલ સંગ્રહ 'ખારાં ઝરણાં' માટે ઍવોર્ડ પ્રાપ્ત થયો હતો.

# જિલ્લામાં ઉનાળુ પાકોનું ૧૧ હજાર હેકટરમાં વાવેતર

## ઉનાળુ બાજરી, મગફળી અને શાકભાજીના પાકોનું વાવેતર થયુ : આગામી દિવસોમાં મગ અને કઠોળ પાકોનું વાવેતર થવાના અંદાજો

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં ઉનાળુ વાવેતર ૪૦ ટકા સુધી પહોંચી ગયુ છે અને આગામી દિવસોમાં તેમાં વધુ વેગ આવશે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૧ હજાર હેક્ટરમાં ઉનાળુ વાવેતર થઈ જવા પામ્યુ છે. આ વખતે ૪૫ હજાર હેક્ટરમાં વાવેતર થવાના અંદાજો રાખવામાં આવ્યા છે. આ વખતે ઉનાળુ મગફળી, ઉનાળુ બાજરી ઉપરાંત જુવાર ઘાસચારો તેમજ શાકભાજીનું વાવેતર સારૂ એવુ થવા પામ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ઉનાળુ બાજરીનું વાવેતર ૩૪૦૦ હેક્ટરમાં છે. જેમાં સૌથી વધુ વાવેતર દહેગામમાં થયુ છે. દહેગામમાં ૧૭૦૦ હેક્ટર ઉપરાંતનું વાવેતર બાજરીનું થવા પામ્યુ છે.

ઉનાળુ મગફળીનું વાવેતર પણ ૩૦૦ હેક્ટર વિસ્તારમાં થયુ છે. દહેગામ, ગાંધીનગર અને માણસા તાલુકામાં ઉનાળુ મગફળીનું વાવેતર નોંધાયું છે. હજુ રવિ સીઝનનો પાક લેવાની કામગીરી ચાલુ હોવાથી મગફળીના પાકનું વાવેતર વધશે તેમ મનાઈ રહ્યુ છે. ગઈ સીઝનમાં પણ મગફળીનું ઉત્પાદન રાજ્યમાં સૌથી વધુ નોંધાયુ હતુ જે ઉલ્લેખનીય છે.

જિલ્લામાં શાકભાજીના પાકને રોકડિયો પાક ગણી તેનુ વાવેતર ખેડૂતો વધુ કરી રહ્યા છે. ઉનાળામાં પણ જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૬૦૦ હેક્ટર વિસ્તારમાં શાકભાજીના પાકનું વાવેતર નોંધાયુ છે. તો પશુધન માટે જુવાર ઘાસચારાનું વાવેતર ૬ હજાર હેક્ટરમાં થયુ છે.

ઉનાળુ સિઝનનું વાવેતર હવે વધશે. પાકની કાપણી અને ખેતર તપાવવાની કામગીરીમાં ખેડૂતો હાલ વ્યસ્ત બન્યા છે. હજુ ધીમી ગતિએ વાવણી ચાલી રહી છે પણ એકાદ સપ્તાહ બાદ તેમાં ગતિ આવશે.

જિલ્લામાં ઉનાળુ મગફળી અને કઠોળ પાકનું વાવેતર આગામી દિવસોમાં વધશે તેમ ખેડૂતો સાથે સંકળાયેલા સૂત્રોનું કહેવુ છે. ખાસ કરીને મગ, અડદ જેવા કઠોળ પાકો અને તલનું વાવેતર થાય તેવી શક્યતાઓ વધુ છે.

# જિલ્લા પંચાયતનું પુરાંતલક્ષી બજેટ ૨૨મીએ રજુ થશે

## આરોગ્ય-શિક્ષણ અને સ્વચ્છતા અભિયાનને અગ્રતા અપાશે, આજે બે થી ૩ મુદ્દાનો પૂરક એજન્ડા પણ જારી થાય તેવી સંભાવના

ગાંધીનગર, તા. ૧૯

આગામી ૨૨મીએ જિલ્લા પંચાયતનું પુરાંતલક્ષી બજેટ પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર ખાસ સામાન્ય સભામાં રજુ કરશે. દરમ્યાન આ ખાસ સામાન્ય સભામાં બે થી ૩ મુદ્દાઓને આવરી લેતો પૂરક એજન્ડા પણ આજે જારી કરવામાં આવે તેવી શક્યતાઓ છે.

જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોર તેમનુ બીજુ બજેટ પણ પુરાંતલક્ષી રજૂ કરશે. જેમાં જિલ્લાકક્ષાએ રૂ. ૧ કરોડથી પણ વધુની નવી જોગવાઈઓ કરવામાં આવી છે.

પંચાયતના આ બજેટમાં આંગણવાડી કેન્દ્રોની મરામત માટે, પ્રા. શાળાના મકાનોની મરામત માટે તેમજ આરોગ્ય કેન્દ્રોની મરામત માટે જોગવાઈઓ કરી શિક્ષણ અને આરોગ્ય સેવાઓના સુદ્રઢીકરણ પર ભાર મુકવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં સ્વચ્છતા અભિયાન પર ભાર મુકવા માટે જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા પંચાયતના પ્રમુખને ખાસ રકમ ફાળવવાની પણ જોગવાઈ કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# સેકટર-૨૮માં છ-કક્ષાના આવાસોમાં શ્રમિકોનો વસવાટ

## જોખમી અને ખંડેર ભાસતા આવાસોની મરામતનુ કામ પણ અટવાયુ : નિકાલ હેઠળના આવાસો તોડી નંખાયા બાદ પણ સેકટરોમાં જોખમી આવાસોની સંખ્યા વિશેષ

ગાંધીનગર તા ૧૮

શહેરમાં મોટાભાગના સરકારી આવાસો ખંડેર હાલતમાં છે. જયારે નિકાલ હેઠળના આવાસો તોડી નાંખવામાં આવ્યા છે. જયારે હાલ પણ સેકટરોમાં ધ્યાને આવતા સરકારી આવાસો ભયજનક માલુમ પડે તો વિભાગ કક્ષાએથી મંજુરી મેળવી આવા જોખમી મકાનો તોડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. અગાઉ ૧૯૦૦ જેટલા મકાનો તોડી નંખાયા બાદ સે-૭ અને ૧૭ અને ૧૩ માં જોખમી બ્લોક ધ્યાને આવતા તંત્ર દ્વારા વિભાગ કક્ષાએથી મંજુરી મેળવી આ પ્રકારના આવાસો તોડી નાંખવામાં આવ્યા હતા. જયારે હાલ પણ સેકટરોમાં જોખમી મકાનો તોડી નાંખવા માટે સર્વેના અંતે તોડવાનુ કામ હાથ ધરવામાં આવે છે. ત્યારે નંખાયા બાદ ભયજનક માલુમ પડતા આવાસો તોડવાનુ કામ હજુ પણ ચાલી રહયુ છે. ત્યારે સે-૨૮ માં ખંડેર આવાસોની સંખ્યા વિશેષ છે. આવા સંજોગોમાં બંધ આવાસોમાં હાલ શ્રમિકોનો વસવાટ જોવા મળી રહયો છે. ભયજનક આવાસોની મરામત ન થઈ શકે તેમ હોય તો આવા આવાસોનો પણ ત્વરિત નિકાલ કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. સે-૨૮ માં રંગમંચની પાછળ સ્થિત છ કક્ષાના આવાસો છેલ્લા ઘણાં સમયથી જોખમી હોવાનો કકળાટ પ્રબળ બન્યો છે. ત્યારે તંત્ર દ્વારા આવાસો અંગે ત્વરિત નિર્ણય લઈ કાર્યવાહી હાથ ધરવાની અનિવાર્યતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે.





શહેરમાં સરકારી આવાસોની હાલત અત્યંત કંગાળ બની છે. સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના જોખમી હાલતમાં હોવાનુ ધ્યાને આવ્યુ છે. અગાઉ નિકાલ હેઠળ જાહેર થયેલા સરકારી આવાસો તોડી જુના સેકટરોમાં જોખમી આવાસોની સંખ્યા હજુ વિશેષ હોવાનો આક્રોશ રહીશોમાં પ્રબળ બન્યો છે. સે-૨૮માં રંગમંચની પાછળ સ્થિત છ કક્ષાના સરકારી આવાસો છેલ્લા ઘણાં સમયથી જોખમી હાલતમાં છે. જયારે બંધ આવાસોની મરામતનુ કામ પણ હાથ ધરવામાં આવતુ નથી. બીજીતરફ રાત્રિના સમયે આ આવાસોમાં શ્રમિકો અડ્ડો જમાવે છે. શ્રમિકો રાત્રિના સમયે અહીં જ વસવાટ કરતા હોવાથી અન્ય દુષણો પણ પાંગરતા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.



તડબૂચ - ઉનાળાના આગમનની સાથે જ શહેરમાં ગરમીથી રક્ષણ આપતા ફળ-ફળાદીનું આગમન શરૂ થઈ જાય છે... શક્કર ટેટી, તડબૂચ, દ્રાક્ષ જેવી આરોગ્ય પ્રદ ફળો ઠેર ઠેર દ્દશ્યમાન થઈ રહ્યા છે... ગાંધીનગરના રાજમાર્ગો પર ફૂટપાથ પર હવે તડબૂચના ડેરા તંબુ જોવા મળી રહ્યા છે...

# જિલ્લામાં ૮૮ વિદ્યાસહાયકોને ૨૪મીએ નિમણુંક આપવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં આગામી ૨૪મીએ ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને ભાષાના ૮૮ જેટલા વિદ્યાસહાયકોની ભરતી કરી સ્થળ પસંદગી કરવા માટેના કેમ્પનું આયોજન હાથ ધરાયુ છે.

આજ દિવસે તેમને કેમ્પના સ્થળ પર જ નિમણુંક પત્ર આપી દેવામાં આવશે તેમ શિક્ષણ સમિતિના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લામાં ગણિત-વિજ્ઞાનના ૪૧, સામાજિક વિજ્ઞાનના ૨૮ અને ભાષાના ૧૯ જેટલા વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવી રહી છે. ૮૮ જેટલા વિદ્યાસહાયકોની ભરતી થતાં જિલ્લામાં ગણિત-વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનના તેમજ ભાષાના શિક્ષકોની ઘટમાં નોંધપાત્ર ઘટાડો થશે. મળતી વિગતો પ્રમાણે આ પછી જિલ્લામાં વધ-ઘટનો બદલીનો કેમ્પ પણ તંત્ર દ્વારા યોજવામાં આવનાર છે. ગાંધીનગર જિલ્લામાં ગણિત-વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનના વિષય શિક્ષકોની ઘટનો મુદ્દો પંચાયતની સામાન્ય સભાથી લઈ વિધાનસભા ગૃહમાં ચર્ચાઈ ચુક્યો છે. રાજ્ય સરકારે તાજેતરમાં જ વિદ્યાસહાયકોની ભરતી કરી હતી તે પણ ઉલ્લેખનીય છે.

# સ્માર્ટ સીટી માટે આગામી સપ્તાહે દરખાસ્તને આખરી ઓપ અપાશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરને સ્માર્ટસીટી પ્રોજેક્ટના ત્રીજા તબક્કામાં સમાવેશ થાય તે અંગેની દરખાસ્ત તૈયાર કરવાની કવાયત તંત્રએ હાથ ધરી છે અને આગામી સપ્તાહમાં તેને આખરી ઓપ આપી દેવામાં આવશે.

મનપાના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ દરખાસ્તને બે થી ત્રણ દિવસમાં તૈયાર કરી રાજ્ય સરકાર સમક્ષ રજુ કરવામાં આવશે અને તે મંજૂર થઈ ગયા બાદ તે દિલ્હી ભારત સરકારને મોકલવામાં આવશે.

શહેરમાં સ્માર્ટસીટી પ્રોજેક્ટ અંતર્ગત ૨૪x૭ પેયજળનો પુરવઠો આપવા માટેની જોગવાઈ તેમજ પાણીના મીટરીંગ સહિતની બાબતો અંગે સ્માર્ટ સીટી પ્રોજેકટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત શહેરમાં અન્ડરપાસ માટેની પણ બેથી ૩ પ્રોજેક્ટ આ દરખાસ્તમાં સમાવવામાં આવે તેવી શક્યતાઓ છે.

● અનુસંધાન પાન-૭ પર

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ચી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૯૪૫, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com